**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૩૧-૧૨-૨૦૧૪ને બુધવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૨૩ મી બેઠકની કાર્યવાહી નોંધ.**

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો. હીતેન્દ્રભાઇ પટેલ<br>અધ્યક્ષશ્રી,<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા | : | કાર્યકારી અધ્યક્ષશ્રી |
| ૨. | અધ્યક્ષશ્રી,<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા | : | સભ્યશ્રી |
| ૩. | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| ૪. | સીટી એન્જીનીયરશ્રી,<br>વડોદરા મહાનગર સેવાસદન,<br>વડોદરા. | : | સભ્યશ્રી |
| ૫. | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

પ્રવર્તમાન અધ્યક્ષશ્રી,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની અનઉપસ્થિતિમાં સરકારશ્રીના તા. ૧૮-૦૪-૧૯૭૯ ના ઠરાવ ક્રમાંક યુડીએ-૧૨૭૮-૧૦૦૩-કયુ-૨ સાથેના એપેન્ડીક્ષ (એ) માં દર્શાવેલ નિયમ નં ૩ (ડ)ની જોગવાઇ અનુસાર કાર્યકારી અધ્યક્ષની વરણી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા દરખાસ્ત રજુ કરાતાં હાજર રહેલ સભ્યશ્રીઓએ ડો. હીતેન્દ્રભાઇ પટેલ, અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, વડોદરા મહાનગર સેવાસદનની કાર્યકારી અધ્યક્ષ તરીકે સર્વસંમતિથી વરણી કરતાં તેઓશ્રીના અધ્યક્ષપણા હેઠળ કોરમ થવાથી આજની બેઠકમાં નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૨૭/૦૬/૨૦૧૪ ની ૨૨૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત**

સત્તામંડળની તા.૨૭/૦૬/૨૦૧૪ ની ૨૨૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૧૩૭/૨૦૧૪ તા.૦૧/૦૭/૨૦૧૪ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૧) :** સત્તામંડળની તા.૨૭/૦૬/૨૦૧૪ ની ૨૨૨ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની તા.૨૪/૦૧/૨૦૧૪ ની ૨૨૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા ૨૪/૦૧/૨૦૧૪ની ૨૨૧** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૨):** સત્તામંડળની **તા. ૨૪/૦૧/૨૦૧૪ ની ૨૨૧** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) :** સત્તામંડળના માહે માર્ચ-૨૦૧૪ થી સપટેમ્બર-૨૦૧૪ સુધીના માસિક હિસાબોને બહાલી આપવા બાબત.

સત્તામંડળના માહે માર્ચ-૨૦૧૪ થી સપટેમ્બર-૨૦૧૪ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૩) :** સત્તામંડળના માહે માર્ચ-૨૦૧૪ થી સપટેમ્બર-૨૦૧૪ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૪) : કારેલીબાગ ખાતે વુડાની આવેલ પ્રથમ તથા બીજા માળની ઓફીસો માટે સ્ટોર રૂમ બનાવવા બાબત.**

મોજે કારેલીબાગ ખાતે વુડા ભવન બિલ્ડીંગમાં પ્રથમ તથા બીજા માળે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરી કાર્યરત છે. સદર ઓફીસોમાં રેકર્ડ રાખવા માટે કચેરીની અલગ અલગ શાખામાં જે તે સમયે વ્યવસ્થા કરવામાં આવેલ હતી. પરંતુ છેલ્લા ઘણા વર્ષોમાં વુડા વિસ્તારમાં થઈ રહેલ ઝડપી વિકાસને ધ્યાનમાં લેતા નવીન વિકાસ પરવાનગીઓ, વિકાસના નવા કામો તથા નવીન આવાસ યોજનાઓના કારણે હયાત સ્ટોરની કેપેસીટી ઓછી પડતી હોવાથી ફાઈલોને વ્યવસ્થીત રાખવા માટે ખુબજ તકલીફ પડે છે. ઘણા કીસ્સામાં ફાઈલોને ખુલ્લામાં ટેબલ ઉપર રાખવી પડતી હોવાથી ફાઈલો સોધવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે તથા આ સંજોગોમ ફાઈલો ગુમ થવાની સંભાવનાઓ રહેલ છે. આ સમગ્ર પરીસ્થીતીને ધ્યાને લેતા ફાઈલોના સ્ટોરેજ બનાવવાની ખુબજ તાતી જરૂરીયાત છે. આ અંગે હાલમાં વુડામાં લેબ રૂમ તથા રૂમ નં. ૧૦૮ ખાલી છે. જેમાં ફાઈલો ખુલ્લામાં મુકવામાં આવે છે. આ બન્ને રૂમોમાં લોક એન્ડ કી સહીતના લોખંડના રેલીંગ ટાઈપના રેક બનાવવાની ડીઝાઈન બનાવી તેનો ખર્ચ કાઢવામાં આવેલ છે. જેમાં લેબ રૂમમાં રેકની કામગીરી માટે રૂા.૮/- લાખ તથા રૂમ નં.૧૦૮ માં સ્ટોર માટેની કામગીરી માટે રૂા.૮.૫૦ લાખ અને ઓફીસોની અન્ય બ્રાન્ચમાં અમુક રૂમોમાં જરૂરીયાત હોય તે મુજબના નાના રેક માટે અંદાજે રૂા.૧/- લાખ મળી કુલ ૧૭.૫૦ લાખ નો ખર્ચ થાય તેમ છે. સદર કામગીરી કરાવવી પડે તેમ હોય, તે અંગેની કામગીરી કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૪):** મોજે કારેલીબાગ ખાતે વુડા ભવન બિલ્ડીંગમાં પ્રથમ માળ ઉપર સ્ટોર રૂમો બનાવવાની કામગીરીને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે પ્રથમ માળે આવેલ લેબ રૂમમાં કરવાની થતી કામગીરી માટે રૂા.૮/- લાખ, રૂમ નં. ૧૦૮ માં કરવાની થતી કામગીરી માટે રૂા.૮.૫૦ લાખ તથા અન્ય બ્રાન્ચમાં જરૂરીયાત હોય તે મુજબના નાના રેક માટે રૂા.૧/- લાખ મળી થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૭.૫૦ લાખને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર ( ૫ ) : ઉંડેરા-ગોરવા રોડ આસપાસની સોસાયટીની ગટરો ઉભરાવવાની પરિસ્થિતીના કારણે બોર્ડ બેઠક નં.૨૨૨, તા.૨૭/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક ૨૨૧૫ થી મંજુર કરેલ કામમાં કરવાની થતી વધારાની કામગીરી બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી ચારે બાજુ વિકાસ થઈ રહેલ છે અને મોજે ગોરવા-ઉંડેરા ખાતે વુડા ધ્વારા ઘણી બધી નવીન સોસાયટીઓને મંજુરી આપવામાં આવેલ છે. અગાઉ વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી ત્યારે ફકત ચકાસણી ફી લઈ વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી. આ ફીની આવક નજીવી હોય વિકંસીત વિસ્તારોને સુવિધા આપી શકાતી નહતી અને વિકાસ પરવાનગી આપતી વખતે ગટર, પાણીની વ્યવસ્થા જમીન માલીક પર છોડી દેવાતી હતી અને તે અંગેની સ્પષ્ટ શરત તેમાં રાખવામાં આવતી હતી. પરંતુ કાયદાકીય જોગવાઈ જોતા અને ઝોનની દ્રષ્ટીએ પણ જોતા આ વિસ્તારોને વિકાસથી વંચીત ન રાખી શકાય, આથી આ વિસ્તારમાં બે નગર રચના યોજનાઓનુ આયોજન કરાયેલ હતુ. પરંતુ તેની સામે ના.ગુજરાત હાઈકોર્ટ તથા ના.સુપ્રીમ કોર્ટમાં કેસ થતા આ યોજનાઓને સ્ટે મળેલ હતો, તેમજ વુડાનો તા.૧૮/૧/૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના મંજુર થતા તેનો કલોઝ ૫.૩.૨ થી એમીનીટીઝ ચાર્જ લેવાનુ અસ્તીત્વમાં આવતા વુડા ધ્વારા ડ્રેનેજ અને વોટર સપ્લાય માટેનુ આયોજન શરૂ કરવામાં આવેલ છે.

આ વિસ્તારમાં પુષ્પમ ટાઉનશીપ, પેટ્રોફીલ્સ રોડની પાછળ આવેલ અન્ય સોસાયટીઓ (ગોવર્ધનપાર્ક, અબિકાધામ વિગેરે) તેમજ ગોરવા-ઉંડેરા રોડની દક્ષિણ તરફ આવેલ ગોપીનાથ ટેનામેન્ટ તથા તેની આજુ-બાજુ ની અન્ય સોસાયટીઓની હયાત ડ્રેનેજ લાઈનો ચોક-અપ થઈ ગયેલ, તે લાઈનો બદલવાનું, ચેમ્બરો સુધારણાની કામગીરી ઉપરાંત ઝુપડા વચ્ચેથી પસાર થતી મુખ્ય લાઈન પૈકી ૧૨૫ મીટર જેટલી લાઈન બદલી ૪૫૦ એમ.એમ.ડાયા મીટરની નવી લાઈન નાખવાથી ગટરો ઉભરાવાની સમસ્યામાંથી રાહત મળે તેમ હોવાની અગાઉની રજુઆતને ધ્યાનમાં લઈ, સદર કામગીરીઓ રૂા.૧૯.૪૬ લાખના ખર્ચે કરવામાં આવેલ હતી. સદર કામગીરી અને થયેલ ખર્ચને વુડાની બોર્ડ બેઠક નં.૨૧૯ તા.૧૧/૬/૨૦૧૩ ના ઠરાવ ક્રમાક : ૨૧૬૦ તથા બોર્ડ બેઠક નં.૨૨૧ તા.૨૪/૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાક : ૨૧૮૯ થી મંજુરી આપવામાં આવેલ હતી, ત્યારબાદ મોજે ગોરવા-ઉંડેરાના પેટ્રોફીલ્સ બસ સ્ટેન્ડથી નવ દુર્ગા ગેરેજ (જલારામ મંદિર સામે) તથા સરોજપાર્ક થી મેરેજ હોલ (સાંઈ મંદિર) સુધીની મળી કુલ ૪૫૦ મીટર લંબાઈમાં ૪૫૦ એમ.એમ. ડાયામીટરની નવી આર.સી.સી. પાઈપ લાઈન નાખવાનો ખર્ચ બોર્ડ બેઠક નં.૨૨૨ ના ઠરાવ ક્રમાંક ૨૨૧૫ તા.૨૭/૬/૨૦૧૪ થી મંજુર કરેલ ઠરાવ મુજબ, ઈ-ટેન્ડરીંગ થી ટેન્ડરો આમંત્રીત કરી, લોએસ્ટ-૧ આવેલ કેવડીયા ઈન્ફ્રા પ્રોજેકટસ પ્રા.લી., અમદાવાદ-૫૦ ને કાર્ય આદેશ નં.યુડીએ / સીવીલ / ૫૦૮ / ૨૦૧૪ તા.૩૦/૧૦/૨૦૧૪ થી અંદાજીત રકમ રૂા.૨૨,૬૩,૧૧૭/- ની સામે રૂા.૨૦,૦૫,૩૫૦/- ( ૧૧.૩૯% નીચુ ) ની કામગીરી ત્રણ માસની મુદત સાથે સોંપવામાં આવેલ. જે પૈકી સરોજપાર્ક થી મેરેજ હોલ ( જોડણ સિવાય ) સુધીની કામગીરી પૂર્ણ કરેલ છે.

પેટ્રોફીલ્સ સીટી બસ સ્ટેન્ડ પાસેના મેન હોલથી નવ દુર્ગા ગેરેજ (જલારામ મંદિર સામે) સુધી આશરે ૨૨૫ મી. ની કામગીરી શરૂ કરતા પહેલા એજન્સી ધ્વારા લેવામાં આવેલ લેવલ મુજબ પેટ્રોફીલ્સ સીટી બસ સ્ટેન્ડ પાસેના મેન હોલનુ ઈન્વર્ટ આર.એલ. ૫.૭૨ મી. છે તથા નવદુર્ગા ગેરેજ પાસે (જલારામ મંદિર પાસે) નવા બનાવેલ મેનહોલનુ ઈન્વર્ટ આર.એલ. ૪.૭૫ મી. છે, નવદુર્ગા ગેરેજ પાસેના નવા મેનહોલ બાદના નીચેના ભાવના ટેન્કર પાસે (રાજદિપ સોસાયટીના રસ્તા સામે) ના મેનહોલનુ ઈન્વર્ટ આર.એલ.૪.૭૦ મી. છે. આમ પેટ્રોફીલ્સ સીટી બસ સ્ટેન્ડ પાસેના મેન-હોલ થી ઉંડાઈમાં લાઈન જતી ન હોવાના કારણે, નવ દુર્ગા ગેરેજ થી ભાવના ટેન્કર ની નવી કરેલ લાઈનને સમાંતર વધારાની ૨૨૫ મી. લંબાઈમાં નવી લાઈન નર્મદા કેનાલ ને ક્રોસ કરતા પહેલાના ઉંડેરા તરફના (શ્રી રામ મસાલા શોપ ની સામે) આવેલ મેન હોલ "કે જેનુ ઈન્વર્ટ

આર.એલ.૬.૬૦ મી." સુધી હાલમાં કુલ લંબાઈ ૪૫૦ મી. માં નવી લાઈન નાખવાની થાય છે. એજન્સી ધ્વારા આ કામના ટેન્ડરમાંની જે તે આઈટમાના તેમના ભરેલ ભાવે તેમજ ટેન્ડર સિવાયની આઈટમોમાં એસ.ઓ.આર. ભાવથી ૧૧.૩૯% નીચા ભાવે (કાર્ય આદેશ મુજબ) તેમજ મેન હોલના ઢાંકણા-કવર-ફ્રેમ જે કાર્પેટ રોડની અંદર આવે છે, તેવા ઢાંકણા-કવર-ફ્રેમ ૨૦ ટન લોડની ક્ષમતાના બદલે ૩૫ ટન ક્ષમતાના તેના (૨૦ ટન લોડ ક્ષમતા માટે) ભરેલ ભાવે નાખી આપવાની બાંહેધરી સાથે રજુ કરેલ, અંદાજ મુજબ ગટર કામગીરી માટે કુલ ખર્ચ રૂા.૩૭.૫૦ લાખ અંદાજે થવા સંભવીત છે.

આમ કાર્યઆદેશની રકમ રૂા.૨૦.૦૫ લાખ થી (રૂા.૩૭.૫૦ લાખ - રૂા.૨૦.૦૫ લાખ ) રૂા.૧૭.૪૫ લાખ અને અંદાજીત રકમ રૂા.૨૨.૬૩ લાખ ધ્યાને લેતા રૂા.૧૪.૮૭ લાખ વધારાનો ખર્ચ કરવાનો થાય છે. આ રૂા.૧૪.૮૭ લાખના ખર્ચ ઉપરાંત તોડવામાં આવનાર કાર્પેટ રોડ (૧૫૩૦.૨૦ ચો.મી.) ને રીસર્ફેસીંગની કામગીરી કચેરી ધ્વારા વધારાની અલગથી કરવાની થશે. આમ મંજુર કરેલ અંદાજ રૂા.૨૨.૬૩ લાખની સાપેક્ષે રૂા.૧૪.૮૭ લાખનો વધુ ખર્ચ થાય. ઉપરોક્ત બાબતે ગટર કામગીરી માટે થનાર વધારાના ખર્ચ રૂા.૧૭.૪૫ લાખ તથા રોડ રીસર્ફેસીંગની વધારાની કામગીરી બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૫) :** વુડા વિસ્તારમાંના મોજે ગોરવા-ઉંડેરા મુખ્ય માર્ગ પર ગટર ઉભરાવવાની પરિસ્થિતિના કારણે થયેલ રજુઆતો અન્વયે બોર્ડ બેઠક નં.૨૨૨ તા.૨૭/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક ૨૨૧૫ અન્વયે ૪૨૫ મીટર લંબાઈમાં ૪૫૦ એમ.એમ. ડાયામીટરની નવી આર.સી.સી. પાઈપ લાઈનના નાખવાના ગટર લાઈના કામમાં ગટરની કામગીરી માટે થનાર કુલ ખર્ચ રૂા.૩૭.૫૦ લાખ પૈકી વધારાનો ખર્ચ રૂા.૧૪.૮૭ લાખ તથા ત્યારબાદ આ કામ દરમ્યાન તુટેલ રોડના રીસર્ફેસીંગ અને મરામતની કરવાની થતી વધારાની કામગીરી ને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) : શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડા વિસ્તારના સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં.૨, વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ તથા તે ગામોને ગટર સુવિધા આપવાના ફાઈનલ ડી.પી.આર. બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહેલ છે. આ બાબતને ધ્યાને લઈ વુડા ધ્વારા ટી.પી.સ્કીમોના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમો ખોલાવી કાર્પેટ રોડની કામગીરી તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જેમા વેમાલી ટી.પી.સ્કીમ-૧,બીલ ટી.પી.સ્કીમ-૧, ભાયલી ટી.પી.સ્કીમ-૧ થી ૪ તથા સેવાસી ટી.પી.સ્કીમ-૧ તથા વડોદરા મહાનગર સેવાસદનની વાસણા ખાતેની હદથી ભાયલી ગામના ગેટ સુધીના કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે, પરન્તુ આની સાથે ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈનો નાખી તેની સુવિધાઓ આપવાની પણ ખૂબજ આવશ્યકતા છે. જાન્યુઆરી ૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના સરકારશ્રી ધ્વારા મંજુર કરી અમલમાં આવતા, તેની જોગવાઈઓ મુજબ નવી વિકાસ પરવાનગી આપવાના સમયે અથવા તો જેઓને વિકાસ પરવાનગી આપેલ છે પરંતુ ઓકયુપેશન સર્ટીફીકેટ મેળવેલ નથી, તેવા કીસ્સાઓમાં એમીનીટીઝ ચાર્જ વસુલવાનુ શરૂ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની સુવિધાઓ, હવે ફરજીયાત આપવાની થાય તેમ છે. આ સંજોગોમાં અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૧૬ તા.૦૫/૦૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક ૨૧૧૨ માં મળેલ મંજુરી મુજબ કન્સલટન્સી અંગેની કામગીરી મે.સાંઈ કન્સલટીંગ એન્જીનીયર્સ પ્રા.લી.ને સોંપવામાં આવેલ, જે અન્વયે પત્રાંક જાવક નં.યુડીએ/સીવીલ/૮૫/૨૦૧૪, તા.૨૮/૦૨/૨૦૧૪ થી સમા, દુમાડ અને વેમાલી ગામોનો પાણી તથા ગટર સુવિધા અંગે ડીટેઈલ સર્વે કરી, ડ્રાફ્ટ તથા ફાઈનલ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા બોર્ડ બેઠક નં.૨૨૨ તા.૨૭/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક નં.૨૨૧૮ થી મળેલ મંજુરી અન્વયે સુચના અનુસાર અન્ડર ગ્રાઉન્ડ ગટર લાઈન તથા એસ.ટી.પી. વિગેરેની કામગીરી માટેનો રૂા.૨૩.૨૫ કરોડનો ફાઈનલ ડી.પી.આર મંજુરી અર્થે તથા હવે પછી કરવાની થતી આગળની તમામ કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૬)** : વુડા વિસ્તારના સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં.૨, વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ તથા તે ગામોને ગટર (એસ.ટી.પી. સાથેની) સુવિધા આપવાની કામગીરી માટે રજુ કરેલ ફાઈનલ ડી.પી.આર. અન્વયે થનાર ખર્ચ રૂા.૨૩.૨૫ કરોડને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર ( ૭ ) : લોકસવાદ સેતુના તા.૧૪/૧૧/૨૦૧૪ ના કાર્યક્રમ માં રજુ થયેલ પ્રશ્ન નં. ૬ હેઠળ બાજવા-કરોડીયા-ઉંડેરા ગામના ચોમાસામાં વરસાદી પાણીના નિકાલ બાબત.**

લોક સવાદ સેતુ (લોક દરબાર) વડોદરા (ગ્રામ્ય) તા.૧૪/૧૧/૨૦૧૪ ના રોજ સર્કીટ હાઉસ, અલકાપુરી, વડોદરા ખાતે મળેલ, જેમાં અરજદારશ્રી જશભાઈ ચાવડા, સરપંચશ્રી, મોજે ઉંડેરાની રજુઆત બાબતે મીટીંગમાં માનનીય કલેકટર સાહેબશ્રી, વડોદરાની સુચના મુજબ પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા થઈ શકે તે માટે વુડા, મામલતદારશ્રી, શહેર (ઉપર), તાલુકા વિકાસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્ય અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ ધ્વારા સંયુકત વિઝીટ તા.૧૯/૧૧/૧૪ ના રોજ વિઝીટ કરી.

બાજવાના કેના તળાવથી કરોડીયાના બોરીયા તળાવ પેઈ નર્મદા કેનાલના બોરો એરિયા સુધી રોડની સાઈડના વરસાદી કાંસમાં અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈન નાખવાનુ તથા આ અંગેનો ફીઝીબીલીટી રીપોર્ટ, ડી.પી.આર. વુડાના કન્સલટન્ટ મારફત તૈયાર કરવાનો સંયુકત નિર્ણય લેવામાં આવેલ.

વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની સુવિધાઓ માટે બોર્ડ બેઠક ક્રમાંક ૨૧૬ તા.૫/૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક ૨૧૧૨ માં મળેલ મંજુરી મુજબ કન્સલટન્સી અંગેની કામગીરી મે. સાઈ કન્સલટીંગ એન્ડ એન્જી. પ્રા.લી., અમદાવાદને સોંપવામાં આવેલ છે. જે અન્વયે પત્રાંક નં. યુડીએ/સીવીલ/૫૬૧/૨૦૧૪ તા.૮/૧૨/૨૦૧૪ થી વિષયદર્શીત કામગીરી બોર્ડની મંજુરીની અપેક્ષાએ સોંપવામાં આવેલ છે. આ અંગે સોપેલ અને કરવાની થતી આગળની તમામ કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૨૨૭)</u>**: મોજે બાજવા-કરોડીયા-ઉંડેરા ગામમાં ચોમાસામાં વરસાદી પાણીના નિકાલ માટેનો ફીઝીબીલીટી રીપોર્ટ તથા ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી કન્સલટન્ટ મે. સાઈ કન્સલટીંગ એન્ડ એન્જી. પ્રા.લી., અમદાવાદને સોંપવામાં આવેલ તેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર( ૮ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી.સ્કીમના અમલીકરણ હેઠળ સેવાસી ટી.પી.નં.૧, ભાયલી ટી.પી.નં.૧, તથા ભાયલી ટી.પી. નં.૩ ના રોડના કામમાં કાર્પેટ રોડ ઉપર થર્મો પ્લાસ્ટના પટ્ટા મારવા તથા ડીવાઈડરને કલર મારવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી.સ્કીમના અમલીકરણ હેઠળ સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ/ડ્રાફટ મંજુર થયેલ હોઈ તેવી તમામ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી છેલ્લા ધણા સમયથી શરૂ કરેલ છે. જે મુજબ વેમાલી ખાતે, ભાયલી ખાતે , સેવાસી ખાતે તથા બીલ ખાતે મળી કુલ -૭ નગર રચના યોજનાઓના અમલીકરણની કાર્યવાહી પૂર્ણ કરેલ છે જયારે કુલ-૩ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી પ્રગતિમાં છે. વુડા ધ્વારા ટી.પી.સ્કીમના કાર્પેટરોડની કામગીરી કરાવવામાં આવે છે. જેમાં ૧૮.૦ મીટરથી નીચેના રસ્તાઓ સીંગલ ટ્રેકના તથા ૧૮.૦ મીટર કે તેથી વધુના રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના બનાવવામાં આવે છે. જેમાં કાર્પેટ રોડ ઉપર થર્મો પ્લાસ્ટના પટ્ટા તથા ડીવાઈડરને કલર કામ કરવામાં આવે છે. વુડા ધ્વારા શરૂઆતમાં કરવામાં આવેલ ત્રણ સ્કીમોના અંદાજોમાં આ પ્રકારની જોગવાઈ કરેલ ન હોવાથી તેમા આ કામગીરી થઈ શકેલ નથી. હાલમાં વુડા વિસ્તારના ટી.પી. રોડમાં સ્ટ્રીટ લાઈટનું પ્રોવિઝન કરેલ ન હોવાના કારણે રોડના પટ્ટા પાડવામાં આવે તો તે ઉપયોગી થાય છે. આ સંજોગોમાં વુડા ધ્વારા શરૂઆતની ટી.પી.સ્કીમોમાં પ્રોવિઝન કરેલ ન હોય, જેમાં આ કામગીરી બાકી હોય, તે નીચે મુજબ કરવાની થાય છે.

| અ.નં. | નગર રચના યોજનાનું નામ | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | નગર રચના યોજના સેવાસી નં.૧ | રૂા.૨૫ લાખ |
| ૨ | નગર રચના યોજના ભાયલી નં.૧ | રૂા.૨૩ લાખ |
| ૩ | નગર રચના યોજના ભાયલી નં.૩ | રૂા.૨૩ લાખ |

ઉપરોકત વિગતો ચકાસતા ત્રણ નગર રચના યોજનાઓમાં કાર્પેટ રોડ ઉપર થર્મોપ્લાસ્ટના પટ્ટા મારવા તથા ડીવાઈડરને કલર કામ કરવાની કામગીરી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક (૨૨૨૮)** : વુડા ધ્વારા નગર રચના યોજનાનું અમલી કરણની કામગીરી કરાવવામાં આવે છે તે પૈકીની નગર રચના યોજના સેવાસી નં.૧, ભાયલી નં.૧, તથા ભાયલી નં.૩ માં કરવામાં આવેલ કાર્પેટ રોડ ઉપર થમોપ્લાસ્ટના પટ્ટા મારવા તથા ડીવાઈડરને કલર કરવાની કામગીરીને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા તે અંગે નગર રચના યોજના સેવાસી નં.૧ માટે રૂા.૨૫/- લાખ, નગર રચના યોજના ભાયલી નં.૧ માટે રૂા.૨૩/- લાખ તથા નગર રચના યોજના ભાયલી નં.૩ માટે રૂા.૨૩/- લાખના ખર્ચ ને પણ મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૯): મોજે વડોદરા કસ્બા એકત્રિત સ.નં.૬૨૨/૧ (સ.નં.૬૨૨,૬૨૩,૬૨૪, ૬૨૪/૧, ૬૨૫/૧, ૬૨૫/૨, ૬૨૬) વાળી જમીન ઔદ્યોગિક ઝોનમાંથી લોકલ કોમર્શીયલ ઝોનમાં ફેરફાર કરવા બાબત.**

મોજે વડોદરા કસ્બા એકત્રિત સ.નં.૬૨૨/૧ (સ.નં.૬૨૨,૬૨૩,૬૨૪, ૬૨૪/૧, ૬૨૫/૧, ૬૨૫/૨, ૬૨૬) વાળી ૬૩૭૩૮ ચો.મી. જમીન વુડાની પ્રથમ વિકાસ યોજના, પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના તથા તા.૧૮/૧/૨૦૧૨ થી આથી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાં આવે છે. આ જમીનમાં જયોતી લી. નામની કંપની કાર્યરત છે. આ કંપનીએ આર્થિક મંદીના કારણે કામદારોના હિતમાં વડોદરા શહેરથી ૨૫.૦ કી.મી. દુર મોગર ખાતે ઔદ્યોગિક એકમ સ્થળાંતર કરવા માટે જમીન ખરીદેલ છે તથા બાંધકામની કામગીરી ચાલુ કરેલ છે તથા વડોદરા કસ્બાની સવાલવાળી જમીનને લોકલ કોમર્શીયલ ઝોનમાં ઝોનફેર કરાવી વાણિજય/રહેણાંક વિષયક વિકાસ કરી કંપનીની નાણાકીય મુશ્કેલીઓ દુર કરવાનું વિચારેલ હોવાનું જણાવી સવાલવાળી જમીનનો લોકલ કોમર્શીયલ ઝોનમાં ઝોનફેર કરવા સરકારશ્રીમાં તથા અત્રે અરજી કરેલ છે. સવાલવાળી જમીન વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં સ્થિત હોઈ આ બાબતે અત્રેથી તા.૧૨/૦૬/૨૦૧૩ ના પત્રથી વડોદરા મહાનગર સેવાસદનનો અભિપ્રાય મંગાવતા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા તા.૧૯/૯/૨૦૧૩ ના પત્રથી અગાઉ વિકાસ યોજનામાં મોજે વડીવાડી તથા સુભાનપુરાની જમીનોમાં સારાભાઈ કંપનીને આ પ્રકારનો ઝોનફેર કરી આપેલ હોઈ, પ્રસ્તૃત કિસ્સામાં અરજદારશ્રીની અરજી પરત્વે ગુણવત્તાને ધોરણે નિર્ણય લઈ કાયદાની કલમ-૧૯ હેઠળ સુચિત ઝોન ફેરફાર કરવા યોગ્ય તે કાર્યવાહી કરવા અભિપ્રાય આપેલ છે. વુડાની પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવાના જે તે તબક્કે વુડા કચેરીમાં તથા સરકારશ્રી કક્ષાએ પણ વાંધા સુચનો રજુ કરાયેલ હતા, પરંતુ ઔદ્યોગિક ઝોન યથાવત રહેલ હોઈ જયોતી લીમીટેડ દ્વારા ફરીથી રજુઆત કરેલ હતી. જે પરત્વે વુડા બોર્ડ નં.૨૨૧ માં મુધ્દા નં.૯ થી રજુઆત કરતાં ઠરાવ નં.૨૧૯૧ થી સમગ્ર વિસ્તારના વિકાસની અધ્યતન વિગતો મેળવી તથા લેન્ડયુઝની વિગતો સહ મુધ્દો રજુ કરવા મુલત્વી રહેલ હતો. જે પરત્વે આ વિસ્તારનો લેન્ડ યુઝ સર્વે કરાવેલ છે. જે મુજબ સવાલવાળી જમીનની ઉત્તરે એલેમ્બીક ગ્લાસ કંપની, એલેમ્બીક કેમીકલ્સ તથા તે બાદ ગોરવા બી.આઈ.ડી.સી.નો ઔદ્યોગિક વિસ્તાર, પશ્ચિમમાં ગુજરાત કૃષિ યુનીવર્સીટી સંલગ્ન મોડલ ફાર્મ, કચેરી તથા રેસીડેન્સીયલ કવાટર્સ, દક્ષિણ-પૂર્વમાં કબ્રસ્તાન તથા સમાજ સુરક્ષા સંચાલિત હોસ્ટેલ તથા પૂર્વમાં બ્રોડગેજ રેલ્વેલાઈન તથા તે બાદ રહેણાક વિસ્તાર આવેલો છે. આમ, સવાલવાળી જમીનથી બ્રોડગેજ રેલ્વેલાઈનને સમાંતર સળંગ નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક હેતુ તથા રહેણાંકને સંલગ્ન ઉપયોગ થઈ રહેલ છે.` પૈકી સવાલવાળી ૬૩૭૩૮ ચો.મી. જમીનોને લોકલ કોમર્શીયલ ઝોનમાં ઝોનફેર કરવા અંગે જયોતી લી. દ્વારા છેલ્લા દશ વર્ષથી રજુઆતો કરવામાં આવે છે. આથી અરજદાર જયોતી લીમીટેડ દ્વારા સરકારશ્રીમાં ઉચ્ચત્તરે ઝોનફેર માટે થયેલ રજુઆત વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા સદરહું બાબત નીતી વિષયક હોય, હાલ મુલતવી રાખવા માટે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક : (૨૨૨૯)** મોજે વડોદરા કસ્બા એકત્રિત સ.નં.૬૨૨/૧ વાળી જમીનને ઔદ્યોગિક ઝોનમાંથી લોકલ કોમર્શીયલ ઝોનમાં ઝોનફેર કરવાની બાબત નીતી વિષયક હોય, મુધ્દો મુલતવી રાખવા ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નં.( ૧૦ ) : મોજે કલાલી તથા તલસટ ની જમીનોમાં સુચિત નગર રચના યોજના કલાલી-તલસટ નં.૧ માટે અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પરામર્શ મેળવવા બાબત.**

મોજે કલાલી તથા તલસટની જમીનો વડોદરા મહાનગર સેવાસદનની હદને અડીને આવેલ છે. જે પૈકી મોજે કલાલી ગામનો અમુક વિસ્તાર વડોદરા મહાનગર સેવાસદનની હદમાં સમાવિષ્ટ થાય છે. વડોદરા મહાનગર સેવાસદન દ્વારા તેઓની હદમાં આવતા કલાલીની જમીનોના વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે. તેને અડીને કલાલીની બાકી રહેતી તમામ જમીનો તથા તેને અડીને તલસટ ગામની રહેણાંક ઝોનમાં આવેલ જમીનોમાં હાલમાં ખુબ જ ઝડપથી વિકાસ થઈ રહેલ છે. આ વિસ્તારોમાં થઈ રહેલ વિકાસ સુઆયોજીત રીતે આગળ વધે તથા તેઓને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી આ વિસ્તારોમાં નગર રચના યોજના બનાવી ખુબજ જરૂરીયાત છે. જેને ધ્યાને લઈ આ વિસ્તારમાં વુડા દ્વારા સુચિત નગર રચના યોજના કલાલી-તલસટ નં.૧ બનાવવાનું આયોજન કરેલ છે. આ સુચિત નગર રચનાનો વિસ્તાર તલસટમાં અંદાજે <u>૬૬.૫૭</u> હેકટર તથા કલાલીમાં <u>૨૫૬.૯૭</u> હેકટર મળી કુલ <u>૩૨૩.૫૪</u> હેકટર જેટલો થાય છે. કલાલીના કુલ વિસ્તાર પૈકી <u>૮૧.૩૫</u> વિસ્તાર રહેણાંક ઝોન (આર-૧)માં આવે છે. જયારે <u>૧૭૫.૬૧</u> વિસ્તાર હેલ્થનોડમાં આવે છે. આ વિસ્તારોની જમીનોની માપણી ખાનગી સર્વે એજન્સી મારફત કરવામાં આવેલ છે. જેને ડી.આઈ.એલ.આર.શ્રી દ્વારા પ્રમાણિત કરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. હાલમાં સરકારશ્રીના પરીપત્ર અન્વયે નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ પરવાનગી આપવા અંગેના આદેશ અન્વયે આ વિસ્તારમાં રોડ નેટવર્કના અભાવે નવીન વિકાસ પરવાનગી આપવાની બંધ કરેલ છે. આમ, આ વિસ્તારમાં નગર રચના યોજનાઓ ઝડપથી બને તે જરૂરી છે. આથી સુચિત મુસધ્દારૂપ નગર રચના યોજના કલાલી-તલસટ નં.૧ નો હદ વિસ્તાર નકકી કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો પરામર્શ મેળવી આ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણાના અર્થે રજુ કરાતા તેમાં થયેલ ચર્ચા મુજબ નગર રચના યોજના બનાવતા સમયે તેને અડીને આવતી ગ્રીન સ્પેશ / પ્રતિબંધિત પ્રકારની જમીનોને પણ નગર રચના યોજનામાં સમાવેશ કરવો તેથી આવા નાના પોકેટો નગર રચના યોજનાઓથી વંચીત ન રહે. વધુમાં સરકારશ્રીના અગાઉના આદેશ અનુસાર વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં પણ આ પ્રકારનો જે પ્રતિબંધિત વિસ્તાર આવે છે તેનો સર્વે, કન્ટુર મેપ, વરસાદી નિકાલની વ્યવસ્થા વિગેરે અંગેનો સર્વે વુડા ધ્વારા કરાવવો તથા ત્યારબાદ સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરવો તેમ નિયત થયું. જેની ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાક : (૨૨૩૦)</u>** :- મોજે કલાલી તથા તલસટની સુચિત નગર રચના યોજના વિસ્તારને અડીને આવેલ ગ્રીન સ્પેશ / પ્રતિબંધિત પ્રકારની જમીનોને પણ આ યોજનાને સમાવવી અથવા તો તે અંગેની ચકાસણી કરી નવેસરથી બોર્ડ બેઠકમાં રજુ કરવા તથા વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં સ્થિત પ્રતિબંધિત વિસ્તારનો પણ સર્વે વુડા ધ્વારા કરાવી આ સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર( ૧૧) : મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪ર અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર ઉકત અધિનિયમની કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રી મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૬/૨૦૧૪ ના રોજની ૨૨૨ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૨૧૦ થી મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી)બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૦૩/૭/૨૦૧૪ ના અસાધારણ રાજયપત્રમાં પાના નં.૧૦૫ અને ૧૦૬ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ અને અત્રેના તા.૨૧-૦૭-૨૦૧૪ ના પત્ર નં.યુડીએ/પ્લાન-૨/૧૧૩૮/૨૦૧૪ થી ઉકત ઈરાદાની અત્રેનાં ઠરાવ/નકશા સહિત જાણ કરવામાં આવેલ. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(ઠ) અને (ઠઠ) ની જોગવાઈ ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૨૦-૧૦-૨૦૧૪ ના રોજ વુડા ભવન કારેલીબાગ, વડોદરા ખાતે રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) ને અધિનિયમની કલમ-૪૨ (૧) તથા નિયમ-૧૮ હેઠળ જાહેર જનતાના વાંધાસુચનો આવકારવા અંગેનુ અધિસુચન તા.૨૧-૧૦-૨૦૧૪ ના સરકારી રાજયપત્ર(એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૨૮૨ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક/હિતસંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા.૨૪/૧૦/૨૦૧૪ ના સંદેશના પાના નં.૫ તથા તા.૨૩/૧૦/૨૦૧૪ ના દૈનિક વર્તમાન પત્ર ગુજરાત સમાચારના પાના નં.૧૧ ઉપર પ્રસિધ્ધ કરાયેલ તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૨૦-૦૧-૨૦૧૪ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજનાની પ્રસિધ્ધી કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ-૧૦ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જયારે સમયમર્યાદાબાદ કોઈ અરજી આવેલ નથી. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નક્કી કરી તારીજ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અનવયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર હુ મુસધ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા થયેલ ચર્ચા-વિચારણા અંગેની વિગતો નીચે મુજબ છે.

**<u>ચર્ચા-વિચારણા :-</u>** મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) સરકારી રાજય પત્રમાં પ્રસિધ્ધ કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં આવેલ કુલ-૧૦ વાંધા અરજીઓ પૈકી ૭ અરજદારોની વાંધા અરજીઓ યોગ્ય જણાયેલ હતી. આ ઉપરાંત થયેલ ચર્ચા-વિચારણા અંતે ૧૮.૦ મીટર ટી.પી. રોડથી ફાઈનલ પ્લોટ નં.૬૦ તથા ૩૪ ને એપ્રોચ આપવા માટે મુકવામાં આવેલ ૭.૫ મીટરના રોડના સ્થાને ૯.૦ મીટરનો રોડ કરવાનો તે મુજબ સર્વ સંમતી હતી. આ ઉપરાત આ નગર રચનાને અડીને આવેલ વડોદરા મહાનગર સેવાસદનની ટી.પી.સ્કીમ નં.૬૦ માં મુકવામાં આવેલ રોડને આ સુચિત નગર રચના યોજનાના રોડ સાથે બરાબર લીંક મળી રહે છે કે કેમ તે મુજબની ચકાસણી કરવી તેવું સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. આ ઉપરાંત કેનાલની પશ્ચિમે આવેલ ૩૦.૦ મીટરના રોડ સાથે આ સ્કીમનો ૧૮.૦ મીટરનો ટી.પી. રોડ લીંક થાય તે મુજબ કેનાલને ક્રોસ રોડ બતાવવો તથા

તે અંગે સાઈફન બનાવવો જરૂરી હોય તો તેનો અંદાજીત ખર્ચનો પણ આ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરવો. તેવુ સર્વ સભ્યશ્રીઓની સંમતી હતી.

આમ, ઉપરોક્ત વિગતે મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) સામે મળેલ રજુઆત પૈકી કુલ-૦૭ અરજીઓ યોગ્ય હોય, તે મુજબ સુધારા કરવા અને બાકીની ત્રણ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર ન હોય, તા.૨૦/૧૦/૨૦૧૪ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં ઉપરોક્ત વિગતોને આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અંગે સાદર કરવા સર્વાનુંમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક : (૨૨૩૧)** મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(સેવાસી) પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**૧.** સરકારશ્રીના રાજય પત્રમાં પ્રસિધ્ધ કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં આવેલ કુલ-૧૦ વાંધા અરજીઓ પૈકી કુલ-૭ અરજદારોની રજુઆત પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેરહિતમાં ગ્રાહય ન રાખવાનું સર્વાનુમતે નકકી થયું.

**૨.** ૧૮.૦ મીટર ટી.પી. રોડથી ફાયનલ પ્લોટ નં.૬૦ તથા ૩૪ ને એપ્રોચ આપવા માટે દર્શાવેલ આવેલ ૭.૫ મીટર ના ટી.પી. રોડના સ્થાને ૯.૦ મીટરનો કરવાનું નકકી થયું.

**૩.** સુચિત નગર રચના યોજનાને અડીને આવેલ વડોદરા મહાગનર સેવાસદનની ટી.પી.સ્કીમ નં.૬૦ માં મુકવામાં આવેલ ટી.પી.રોડને બરાબર લીંક મળી રહે છે કે કેમ ? તે મુજબની ચકાસણી કરવા તથા કેનાલની પશ્ચિમે આવેલ ૩૦.૦ મીટરના રોડ સાથે ૧૮.૦ મીટર કે અન્ય રોડ સાથે લીંક થાય તે મુજબ કેનાલને ક્રોસ રોડ બતાવવો તથા તે અંગે સાઈફન બનાવવો જરૂરી હોય તો તેના અંદાજીત ખર્ચનો પણ આ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરવો તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ.

ઉપરોક્ત સુધારા સહ તા.૨૦-૧૦-૨૦૧૪ ના રોજ ઓનર્સ મીટંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં ફેરફાર આમેજ કરી ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુર અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર(૧૨) : મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(આઈ.ટી) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રી મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૨૧ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૧૯૩ થી મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(આઈ.ટી)બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૨૮-૦૧-૨૦૧૪ ના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.૩૦-૦૧-૨૦૧૪ ના પત્રથી સરકારશ્રીમાં પાઠવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(ઠ) અને (ઠઠ) ની જોગવાઈ ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(આઈ.ટી) ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૦૭-૧૦-૨૦૧૪ ના રોજ વુડા ભવન કારેલીબાગ, વડોદરા ખાતે રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(આઈ.ટી) ને અધિનિયમની કલમ-૪૨ (૧) તથા નિયમ-૧૮ હેઠળ જાહેર જનતાના વાંધાસુચનો આવકારવા અંગેનુ અધિસુચન તા.૦૮-૧૦-૨૦૧૪ ના સરકારી રાજયપત્ર(એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૨૭૬ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક/હિતસંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા.૧૨-૧૦-૨૦૧૪ ના સંદેશ તથા તા.૧૨-૧૦-૨૦૧૪ ના ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પત્રમાં તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૦૭-૦૧-૨૦૧૫ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સુચિત નગર રચના યોજના ૧૬૧૯ હેકટરની ખુબજ મોટી યોજના છે જે વિસ્તારમાં દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આઈ.ટી.નોડ મુકવામાં આવેલ હતો. સુચિત આઈ.ટી.નોડમાં ૫ ટકા જેટલુ રીઝર્વેશન આઈ.ટી.નોડ માટે રાખવાનું આયોજન કરવામાં આવેલ છે આ યોજનાનો મુસધ્દો સરકારશ્રીમાં સાદર કરવાનો થાય છે. જેમાં નીચેના મુધ્દાઓ અંગે નિર્ણય લેવાનો થાય છે.

૧. સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજના પ્રસિધ્ધ કર્યાની તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ ૨૯૭ તથા સમય મર્યાદાબાદ ૭૭ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નકકી કરી તારીજ તૈયાર કરી આ સાથે સામેલ કરવામાં આવેલ છે. જે પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવાનો થાય છે.

૨. સુચિત નગર રચના યોજના યોજનામાં આમેજ ન કરેલ કેટલાક સુચિત રોડ, પંચાયતના હયાત રોડ તથા કેનાલની પથરેખાની જગ્યા રદ કરી નવેસરથી પથરેખા નકકી કરી સુગ્રથિત કરી આયોજન કરવામાં આવેલ છે.જે ઉકત પથરેખાઓના ફેરફાર અંગે અધિનિયમની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા અંગે સરકારશ્રીમાં અલાયદી સદરખાસ્ત કરવાની થાય જે બાબતે નિર્ણયલેવાનો થાય.

૩. આઈ.ટી.નોડ માટેના જીડીસીઆરની જોગવાઈમાં વિકાસ માટે લઘુત્તમ જમીનનું ક્ષેત્રફળ ૧૦૦૦૦ ચો.મી. રાખવાની જોગવાઈ હતી. તેનો મુળભુત હેતુ આ વિસ્તારનો ટી.પી.સ્કીમ હેઠળ વિકાસ થાય ત્યાં સુધી લઘુત્તમ અન્ય વિકાસ થાય તે જોવાનો હતો. જેથી હવે જયારે આ વિસ્તારમાં નગર રચના યોજના બની ગયેલ છે અને આઈ.ટી માટે ૭૬.૯૩ હેકટર જેટલી વિશાળ જગ્યા વુડાને મળવાપાત્ર થાય છે ત્યારે જે ફાઈનલ પ્લોટો ફાળવ્યા છે તે ઘણા કિસ્સાઓમાં ૧૦,૦૦૦ ચો.મી. કરતા ઓછા હોઈ આઈ.ટી. નોડ ના વિનીયમોમાં આ જોગવાઈ રદ કરવાપાત્ર થાય છે તથા એફ.એસ.આઈ.નું ધોરણ પણ રહેણાંક ઝોન (આર-૧)ને સમક્ષ કરવા અંગે નિર્ણય લેવાનો થાય.

૪. સુચિત નગર રચના યોજનાનો વિસ્તાર ખુબજ મોટો છે જેમાં વચ્ચેથી વિશ્વામિત્રી નદી પસાર થાય છે તથા જમીનો સમતલ નથી. આ સંજોગોમાં આઈ.ટી.નોડ ના મોટા રીઝર્વેશન, અન્ય રીઝર્વેશનો તથા નદીની બાજુમાં મોટા પ્રમાણમાં ગ્રીન ઓપનસ્પેશ રાખવામાં આવેલ હોવાથી આ વિસ્તારમાં આવતી જમીનોના માલીકોને અન્ય સ્થળોએ ફાઈનલ પ્લોટો આપવાના કારણે ઘણા બધાના ફાઈનલ પ્લોટો ખાડામાં આવી જાય છે. આ અંગે ખુબજ ઉગ્ર રજુઆત આવેલ છે. આ કારણસર યોજનાનું અમલીકરણ યોગ્યરીતે થાય તે ધ્યાને લઈ જે જમીન માલીકોના મુળખંડ સમતળ જમીનમાં હતા તથા અંતિમખંડ ખાડાવાળી જગ્યાઓમાં ફાળવાયેલ છે ત્યાં માટી પુરાણ કરવુ આવશ્યક છે. ઉપરાંત નદી ઉપરના બ્રીજના સ્ટ્રકચરો માટેનો ખર્ચ લેવા પડે તેમ છે. જે બાબતે ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવાનો રહે છે.

ઉપરોકત વિગતો મુજબના મુદ્દાઓ ધ્યાને લઈ દરેક મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા તથા તે નિર્ણયનો સમાવેશ કરી સદર હું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩(આ.ટી નોડ) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા-વિચાણા કરવામાં આવી.

**ચર્ચા-વિચારણા :-**

મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૩(આઈ.ટી) સરકારી રાજય પત્રમાં પ્રસિધ્ધ કર્યા તારીખથી એક માસની સમય મર્યાદામાં કુલ-૨૯૭ વાંધા અરજીઓ અત્રેની કચેરીને મળેલ તે પૈકી યોગ્યતાના ધોરણે ૧૬૬ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર થાય, જયારે ૧૩૧ અરજીઓ ના-મંજુર કરવાપાત્ર થાય તેવું સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ. આ ઉપરાંત ઓનર્સ મીટીંગ બાદ સાઈટ પ્લાન તથા એફ ફોર્મ માંગણી મુજબ આપવાનું નકકી કરેલ હતુ, પરંતુ આ યોજનામાં ૧૪૦૦ ઉપરાંત ફાઈનલ પ્લોટ હોવાથી દરેકને સાઈટ પ્લાન તથા એફ ફોર્મ આપવામાં મહીના ઉપરાંતનો સમય થઈ ગયેલ હતો, આના કારણે વાંધા અરજીઓ સમયમર્યાદામાં આપી શકાયેલ ન હોવાની રજુઆતો અરજદારશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ હતી જેના કારણે સમયમર્યાદાબાદની અરજીઓને પણ ગુણવત્તાની ધોરણે ચકાસણી કરવામાં આવેલ હતી. જેમાં સમયમર્યાદાબાદ આવેલ કુલ-૭૭ અરજીઓ પૈકી ૩૯ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર થતી હતી, જયારે ૩૮ અરજીઓ ના-મંજુર કરવાપાત્ર થતી હતી. આમ, યોજનાનો વિસ્તાર જોતા તથા અરજીઓની યોગ્યતા ચકાસતા સમયમર્યાદામાં આવેલ તથા સમયમર્યાદાબાદ આવેલ અરજીઓ પૈકી યોગ્ય જણાય તેવી દરેક અરજીઓ ગ્રાહય રાખવી તેમ દરેક સભ્યશ્રીઓનો અભિપ્રાય હતો.

આ ઉપરાંત આઈ.ટી.નોડ માટે સુચિત નગર રચના યોજના માટે બે મોટા પોકેટોમાં અંદાજે ૫ ટકા જેટલુ રીઝર્વેશન રાખવામાં આવેલ હતુ. પરંતુ દેણા ખાતે રાખવામાં આવેલ પોકેટ પૈકીના એક ભાગમાં સ્મશાનની જગ્યા આવેલ હતી તથા તેને અડીને ગામતળની જગ્યા આવેલ છે. ગામતળને કારણે તેની આજુ-બાજુના મોટાભાગના બ્લોક નંબરોમાં બાંધકામ થયેલ હતું. જેથી ખરેખર સ્થળે આ જમીનો રીઝર્વેશન માટે ઉપલબ્ધ ન હોય એ ભાગમાં બાંધકામ વાળા તથા તળાવના અને ગામતળ પૈકીના ભાગને અન્ય ખસેડવાને બદલે તે વિસ્તાર યથાવત રાખી તેટલા ભાગ પુરતુ રીઝર્વેશનની અન્યત્ર શકયતા ચકાસવી તેમ સર્વે સભ્યનું મંતવ્ય હતું.

સુચિત નગર રચના યોજનાઓમાં દેણા તથા સુખલીપુરા ગામને અડીને ઈન્દીરા નગર નામની મોટી વસાહત આવેલ છે. જેની ઉપર ૨૪.૦ મીટરનો રોડ દર્શાવેલ હોવાથી તે રોડની એલાઈમેન્ટ ફેરવવી તેમ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું.

સદર નગર રચના યોજનાનું આગવી રીતે અલગથી આયોજન કરવામાં આવેલ હતુ, જેથી આ વિસ્તારના અમુક ડી.પી.ના સુચિત રોડ, હયાત પંચાયતના રોડ, કેનાલની ખુલ્લી જગ્યાઓ વિગેરે રદ કરી નવેસરથી રોડ રસ્તાઓનું આયોજન કરી યોજના બનાવેલ છે. જેના કારણે ધ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવેલ અમુક રોડ રદ કરવા પાત્ર થતા હતા તેવુ સર્વ સભ્યશ્રીઓએ સમંતી દર્શાવેલ છે. આ ઉપરાંત જી.ડી.સી.આરની જોગવાઈ મુજબ આઈ.ટીનોડમાં આવતી જમીનોમાં ૧૦,૦૦૦ ચો.મી. કે તેથી વધુ જમીનોમાં રહેણાંક તથા અન્ય હેતુ માટેના બાંધકામો મળવાપાત્ર થાય છે. પરંતુ હવે આઈ.ટી.નોડનું રીઝર્વેશન અલગથી કરવામાં આવેલ હોય, આ રીઝર્વેશનની બહાર રહેતા તમામ ફાઈનલ પ્લોટો પૈકી ઘણા બધા ફાઈનલ પ્લોટોનો એરીયા ૧૦,૦૦૦ ચો.મી. કરતા ઓછો થાય છે. જેના કારણે તેઓને આપેલ ફાઈનલ પ્લોટો બાંધકામને પાત્ર રહેતા નથી. આ સંજોગોમાં આઈ.ટી. રીઝર્વેશનની બહાર રહેતા તમામ ફાઈનલ પ્લોટો માટે ૧૦,૦૦૦ ચો.મી.ની મર્યાદા રદ કરવા તથા આ બ્લોક નંબરોને રહેણાંક ઝોન આર-૧ ઝોનીંગ પેટન પ્રમાણે બાંધકામ મળે તેવુ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. જેમાં આ અંગેની દરખાસ્ત સેકશન-૧૯ હેઠળ દરખાસ્ત કરવાની થાય.

સુચિત નગર રચના યોજનાની વચ્ચેથી વિશ્વામીત્રી નદી પસાર થતી હોવાથી જમીનો સંમતળ નથી. આ નગર રચના યોજનામાં આઈ.ટી.ના બે મોટા રીઝર્વેશનનો રીવર્ફન્ટ ડેલઈપમેન્ટ માટેના રીઝર્વેશનો તથા અન્ય રાખવાપાત્ર રીઝર્વેશનોના કારણે ઘણા બધાના ફાઈનલ પ્લોટો સમતળ વિસ્તારમાંથી ખાડા વાળી જમીનોમાં આવી ગયેલ છે, આ સુચિત વિસ્તારમાં ઘણી બધી હાઈટેન્શન લાઈનો પણ પસાર થાય છે. જેના કારણે ઘણાં ફાઈનલ પ્લોટો પરવાનગી પાત્ર રહેતા નથી. આ બંને કારણોસર જેઓને અન્યત્ર ફાઈનલ પ્લોટ ફાળવેલ છે તેમ ગ્રાઉન્ડ લેવલ સુધી માટીનુ પુરાણ કરવું તથા હાઈટેન્શન લાઈનો પૈકી જે લાઈનોને અન્ડર ગ્રાઉન્ડ થઈ શકતી હોય, તે તમામ લાઈનો અન્ડરગ્રાઉન્ડ કરાવવી તથા તેનો ખર્ચ યોજનામાં સામેલ કરવો તેવુ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. ઉપરોકત તમામ મુદ્દાઓને ધ્યાને લઈ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક :(૨૨૩૨)** સુચિત નગર રચના યોજના માટે મુદ્દા પ્રમાણે નીચે મુજબના ઠરાવો કરાવવામાં આવ્યા.

(૧) સરકારશ્રીના રાજ પત્રમાં નગર રચના યોજના પ્રસિધ્ધ કર્યાની એક માસની સમયમર્યાદામાં આવેલ ૨૯૭ અરજીઓ પૈકી ૧૬૬ અરજીઓ તથા સમયમર્યાદા બાદ આવેલ ૭૭ અરજી પૈકી ૩૯ અરજીઓ પરત્વે

સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવાનું સર્વાનુમતે નકકી થયુ. આ ઉપરાંત દેણા ખાતે આઈ.ટી. માટે રાખવામાં આવેલ રીઝર્વેશન પૈકીનો એક ભાગ કે જેમાં ગામતળ કે સ્મશાન આવે છે તે રદ કરવો અને દેણા તથા સુખલીપુરા ગામ ખાતે આવેલ ઈન્દીરા આવાસો ઉપર મુકવામાં આવેલ ૨૪.૦ મીટરનો રોડની એલાઈમેન્ટમાં ફેરફાર કરવો. આમ, ગ્રાહય રાખવાપાત્ર અરજીઓ, દેણાં ખાતે આઈ.ટી. રીઝર્વેશનના એક ભાગ રદ કરવાના કારણે તથા રોડની એલાઈમેન્ટના ફેરફારને કારણે થતાં સુધારા કરી તા.૦૭/૧૦/૨૦૧૪ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૨) સદર નગર રચના યોજનામાં દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં મુકવામાં આવેલ રોડ પૈકી જે રોડ રદ કરવામાં આવેલ છે તે ફેરફાર અંગે સેકશન-૧૯ હેઠળની દરખાસ્ત રાજય સરકારશ્રીમાં મંજુરી અર્થે મોકલવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૩) આઈ.ટી.નોડ માટે જીડીસીઆરમાં ૧૦,૦૦૦ ચો.મી. કરતા કે તેથી વધુ જમીનો માટે રહેણાંક કે અન્ય હેતુ માટે બાંધકામ પાત્ર થતી હતી. પરંતુ હવે આઈ.ટી.નું રીઝર્વેશન અલગ કરી દેવામાં આવેલ હોય, તેની બહાર રહેતી તમામ જમીનોમાંથી આ નિયંત્રણ રદ કરી તેમાં રહેણાંક ઝોન આર-૧ ઝોનીંગ પેટન પ્રમાણે બાંધકામ મળવાપાત્ર થાય તે અંગે સર્વ સંમતીથી નિર્ણય લેવામાં આવ્યો તેમાં આ ફેરફાર અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં સેકશન-૧૯ હેઠળ મંજુરી અર્થે સાદર કરવી તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૪) સુચિત નગર રચના યોજનામાં જેઓને ફાઈનલ પ્લોટ મુળખંડની બહાર આપેલ હોય, અને તેમા ખાડા આવતા હોય, તે તમામ ખાડાઓ ભરવા તથા આ યોજનામાં આવતી હાઈટેન્શન લાઈનો પૈકી જેટલી લાઈનો અન્ડર ગ્રાઉન્ડ થઈ શકતી હોય, તે તમામને અન્ડરગ્રાઉન્ડ કરવી તથા આ અંગેનો ખર્ચ આ યોજનામાં આમેજ કરવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઉપરોકત મુધ્દા નં. ૧ થી ૪ ને સર્વ સંમતીથી દરેક સભ્યશ્રીઓ ધ્વારા ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**